**બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો માટે સીધી ભરતીમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પ્રવેશ આપવા સેવા કે જગ્યા પર પસંદગી માટેની નિયત ફી તથા ફોર્મ ફીમાં રાહત આપવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પવસ/૧૦૨૦૧૬/૫૩૮/ ગ-૪,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨-૦૫-૨૦૧૬.

વંચાણે લીધાં:-

(૧) શિક્ષણ અને મજુર વિભાગનો તા.૨૪/૧૨/૧૯૭૧નો ઠરાવ ક્રમાંક: બીસીઈ/૩૪૭૧/ જે (સેલ-૫૦૨૩સી).
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૯/૦૫/૧૯૭૮નો ઠરાવ ક્રમાંક:એસઈબી/૧૦૭૮/ ૩૧૪૩/ક.
(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૨/૦૪/૧૯૮૩નો સંકલિત ઠરાવ ક્રમાંક:પવસ/ ૧૧૮૩/૮૨૫/ગ-૩.
(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૧/૦૧/૧૯૯૧નો ઠરાવ ક્રમાંક:પવસ /૧૪૮૯/ ૧૬૮૫/ગ-૩
(૫) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૭/૦૪/૧૯૯૨નો ઠરાવ ક્રમાંક:પવસ /૧૪૮૯/ ૧૬૮૫/ગ-૪
(૬) સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૧/૦૫/૧૯૯૩નો ઠરાવ ક્રમાંક:પવસ/૧૪૮૯/ ૧૬૮૫/ગ-૪
(૭) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો વર્ષ ૨૦૧૬નો વટ હુકમ નં.૧ તા.૦૧/૦૫/૨૦૧૬
(૮) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૬/૦૫/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૪/અ

\\ઠરાવ \\

ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૪) અને ક્રમ-(૫) સામે દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૦૧/૧૯૯૧ તેમજ તા.૨૭/૦૪/૧૯૯૨ના ઠરાવ ક્રમાંક: પવસ /૧૪૮૯/૧૬૮૫/ગ-૪ અન્વયે અનુક્રમે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના ઉમેદવારોને સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા અથવા સેવા કે જગ્યા પર પસંદગી માટે જો કોઈ ફી નિયત કરવામાં આવી હોય તો તેની ચુકવણીમાંથી તેમજ આવી સ્પર્ધાત્મક પરીક્ષા માટે કે જગ્યા પર પસંદગી માટે નિયત

કરવામાં આવેલ અરજી પત્રક માટે જો કોઈ કિંમત નક્કી કરવામાં આવી હોય તો તેની ચુકવણીમાંથી મુક્તિ આપવાના હુકમો કરવામાં આવ્યા છે. ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૭) પરના વટહુકમથી બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગ્યાઓમાં ૧૦ ટકા અનામત આપવાની જોગવાઈ કરવામાં આવી છે. ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૮) પરના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૬/૦૫/૨૦૧૬ના ઠરાવથી બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ માટેના માપદંડો નિયત કરવામાં આવ્યા છે. આ માપદંડો સંતોષતા હોય તેવા બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને પણ આ જ ધોરણે સીધી ભરતીની નિમણૂકોમાં સ્પર્ધાત્મક પરીક્ષા ફી માંથી તથા અરજી પત્રક માટેની કિંમત ચુકવવામાંથી મુક્તિ આપવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

૨. આ અંગે સરકારની પુખ્ત વિચારણાના અંતે હવે પછી યોજવામાં આવનાર સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા અથવા સેવા કે જગ્યા પર પસંદગી માટે જો કોઈ ફી નિયત કરવામાં આવી હોય તો તેની ચુકવણી કરવામાંથી તેમજ આવી સ્પર્ધાત્મક પરીક્ષા માટે કે જગ્યા પર પસંદગી માટે નિયત કરવામાં આવેલ અરજીપત્રક માટે જો કોઈ કિંમત નક્કી કરવામાં આવી હોય તો તેની ચુકવણી કરવામાંથી બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને પણ મુક્તિ આપવાના આથી હુકમો કરવામાં આવે છે.

૩. સીધી ભરતી કે પસંદગી માટે અરજીપત્રકની કિંમત નક્કી થઈ હોય તેવા કિસ્સામાં બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને વિનામૂલ્યે ફોર્મ આપવામાં આવે તે સમયે ફોર્મનો દુરુપયોગ અટકાવવા માટે ફોર્મ પર નીચે પ્રમાણેનો સિક્કો મારવાનો રહેશે.

**બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો માટે**

**ઉમેદવારનું નામ :** ---------------------------------------------

આવા ઉમેદવારોને સરકારશ્રીના અધિકૃત અધિકારીએ આપેલ બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવાર હોવાનું પ્રમાણપત્ર તપાસીને અરજીપત્રક આપવાના રહેશે. અરજી પત્રકની કિંમતના હિસાબ રજિસ્ટરમાં તે પ્રમાણે તેની સંખ્યા દર્શાવી આવકમાં તે પ્રમાણેની નોંધ લેવાની રહેશે.

૪. સરકારની આ નીતિને અનુરૂપ કાર્યવાહી માટે જે તે જગ્યાની સીધી ભરતી, પસંદગી કે નિમણૂક માટેના નિયમોમાં પ્રવેશ ફી તથા અરજી પત્રકની કિંમત માટે જે જોગવાઈઓ હોય ત્યાં જરૂરી સુધારો કરવા સર્વે વિભાગોને વિનંતી કરવામાં આવે છે. આ હુકમો પ્રસિધ્ધ કરતાં પહેલાં ગુજરાત જાહેર સેવા આયોગનો પરામર્શ કરીને અનુમતિ મેળવી લેવામાં આવેલ હોઈ આ અંગે નિયમોમાં સુધારો કરતી વખતે આયોગનો પરામર્શ કરવાનું જરૂરી રહેશે નહીં. પરંતુ યોગ્ય રાહે સરકારની મંજુરી મેળવવાની રહેશે.

૫. આ હુકમો રવાના થયા તારીખથી અમલમાં આવશે. દરમ્યાન સીધી ભરતી, પસંદગી કે નિમણૂક માટેના પ્રવર્તમાન નિયમોમાં પ્રવેશ ફી તથા અરજી ફોર્મ ફી અંગે ગમે

2 →

તે જોગવાઈ હોય તેમ છતાં તેવા નિયમોમાં ઉપર ફકરા-૪ મુજબ યોગ્ય સુધારાઓ પ્રસિધ્ધ થાય ત્યાં સુધીના વચગાળાના સમય માટે પણ આ હુકમોનો અમલ કાયદેસર ગણાશે.

૬. આ હુકમો આ વિભાગની ફાઇલ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૬/૨૭૫૦૨૪/ગ.૨ પર નાણા વિભાગની તા.૦૬/૦૫/૨૦૧૬ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.કે.પટેલ)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સર્વે ખાતાના વડાઓ (સંબંધિત વહીવટી વિભાગો મારફત)
સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ,
પસંદગી ફાઇલ.

---

× પત્ર ધ્વારા.